ભારતીય જનતા પાર્ટી
ગુજરાત
શ્રી કમલમ્
આઝાદી કા અમૃત મહોત્સવ
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

**પ્રેસનોટ:-2055/10/2023** **તા.10/10/2023**

## બ્રહ્મરત્ન પદ્મશ્રી પૂજ્ય ડાહ્યાભાઈ શાસ્ત્રીજી દાદા આજે બ્રહ્મલીન થયા તે સમાચાર સાંભળી માન.પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલજીએ શોકની લાગણી વ્યક્ત કરી.

બ્રહ્મરત્ન પદ્મશ્રી પૂજ્ય ડાહ્યાભાઈ શાસ્ત્રીજી દાદા આજે બ્રહ્મલીન થયા. બ્રહ્મર્ષિ સંસ્કૃત મહાવિદ્યાલય ના સ્થાપક, વિદ્વાન શિરોમણી પૂજ્યશ્રીના અવસાનથી ગુજરાતની એક પ્રખર વિદ્વતાનો શૂન્યાવકાશ સર્જાયો. પૂજ્ય ડાહ્યાભાઈ શાસ્ત્રીને લીટરેચર અને એજ્યુકેશન સંદર્ભે ભારત સરકાર દ્વારા પદ્મશ્રી પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો હતો. અમદાવાદ અને વારાણસીમાં સંસ્કૃતનો ગહન અભ્યાસ કરીને વ્યાકરણાચાર્ય, સાહિત્યાચાર્ય, હિન્દી વિશારદ પદવી પ્રાપ્ત કરી હતી. તેઓ વ્યાકરણાચાર્ય અને સાહિત્યચાર્ય ખરા પરંતુ ભારતવર્ષના નાના બાળકોમાં પણ આપણી સંસ્કૃતિની ધરોહર સમ સંસ્કૃત ભાષાનો વ્યાપ અને શિક્ષણ વધે તે માટે તેઓ હંમેશા કાર્યરત રહ્યા હતા. સંસ્કૃત રક્ષા એ જ રાષ્ટ્રરક્ષા છે. તેવો જીવનમંત્ર ધારણ કરી દાદાએ સેવા નિવૃતિ બાદ પોતાના સ્વપ્નને સાકાર કરવા નડિયાદ ખાતે બ્રહ્મર્ષિ સંસ્કારધામની સ્થાપના કરીને સંસ્કારધામમાં ભવ્ય સંસ્કૃત મહાવિદ્યાલય, ગૌશાળા, વેદવિદ્યાભવન, અંગ્રેજી વિદ્યાભવન, યોગકેન્દ્રમાં વિદ્યાર્થીઓને જ્ઞાન પીરસી રહ્યા હતા. ભગવાન તેમની આત્માને શાંતિ આપે અને પરિવારને દુ:ખ સહન કરવાની શક્તિ આપે.

**// ॐ શાંતિ //**

ડૉ.યજ્ઞેશ દવે
(પ્રદેશ મિડિયા કન્વીનર)